# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે જાપાનના પ્રવાસ માટે રવાના થશે.

**2)** ભારતીય વાયુસેનાએ જમ્મુ અને ઉત્તર પંજાબમાં વધતા જળસ્તર અને વિનાશક પૂરને લઈ રાહત અને બચાવ અભિયાન હાથ ધર્યું.

**3)** પ્રધાનમંત્રી જનધન યોજનાને આજે 11 વર્ષ પૂર્ણ થયા.

**4)** છત્તીસગઢના વિજાપુર જિલ્લામાં **30** માઓવાદીએ આત્મસમર્પણ કર્યું.

**5)** અમદાવાદમાં આયોજિત રાષ્ટ્રમંડળ વેઇટલિફ્ટીંગ સ્પર્ધામાં ભારતીય ખેલાડી અજિત નારાયણે સુવર્ણ ચંદ્રક જીત્યો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM JAPAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 15-મા ભારત–જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા આજે સાંજે જાપાનના પ્રવાસ માટે રવાના થશે. પ્રધાનમંત્રીનો જાપાનનો આ આઠમો પ્રવાસ હશે. જ્યારે જાપાનના પ્રધાનમંત્રી શિગેરુ ઇશિબા સાથે આ તેમની પહેલી શિખર બેઠક હશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું, આ પ્રવાસ દરમિયાન બંને પ્રધાનમંત્રી બંને દેશ વચ્ચે વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીની સમીક્ષા કરશે. તેમાં સંરક્ષણ અને સુરક્ષા, વેપાર અને અર્થવ્યવસ્થા, ટૅક્નોલૉજી અને નવિનતા તેમજ પરસ્પર સહકાર સામેલ છે.

(VOICE CAST: JAYA BHARTI)

# PM FINLAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સાંજે ફિનલૅન્ડના રાષ્ટ્રપ્રમુખ ઍલેકઝાન્ડર સ્ટબ સાથે ટૅલિફૉન પર વાતચીત કરી. સોશિયલ મીડિયા પરના સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, ફિનલૅન્ડ યુરોપીયન સંઘનું એક મહત્વનું ભાગીદાર છે. બંને નેતાએ વેપાર, ટૅક્નોલૉજી અને સ્થિરતા જેવા મુખ્ય ક્ષેત્રમાં સહકારને મજબૂત કરવાના માર્ગ અંગે ચર્ચા કરી. તેમણે યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે ચાલતા પ્રયાસ અંગે પણ પોતાના વિચાર રજૂ કર્યા.

# RSS RESCUE MISSION

ભારતીય વાયુસેનાએ જમ્મુ અને ઉત્તર પંજાબમાં વધતા જળસ્તર અને વિનાશક પૂરને લઈ વ્યાપક રાહત અને બચાવ અભિયાન હાથ ધર્યું છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું, વાયુસેનાએ પીડિતોને મદદ માટે હેલિકૉપ્ટર કાફલો, પરિવહન વિમાન અને વાયુસેનાના અન્ય સાધનો તહેનાત કર્યા છે.

સંરક્ષણ મંત્રાલયે જમ્મુના અખનૂર, પંજાબના પઠાનકોટ અને ડેરાબાબા નાનક ક્ષેત્રમાં સશસ્ત્ર કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહેલા જીવન બચાવ કામગીરીનો પણ ઉલ્લેખ કર્યો. મંત્રાલયે જણાવ્યું, વાયુસેના પરિસ્થિતિ મુજબ વધુ કામગીરી હાથ ધરવા તૈયાર છે.

# PMJDY 11 YEARS

પ્રધાનમંત્રી જનધન યોજનાને આજે 11 વર્ષ પૂર્ણ થયા. આ વિશ્વની સૌથી મોટી નાણાકીય સમાવેશક પહેલમાંથી એક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 15 ઑગસ્ટ 2014માં લાલ કિલ્લાની પ્રાચિર પરથી આ પહેલની જાહેરાત કરી હતી.

પ્રધાનમંત્રી જનધન યોજના નાણાકીય સમાવેશક પર એક રાષ્ટ્રીય અભિયાન છે. તેનો ઉદ્દેશ દેશના તમામ પરિવારોને બૅન્કીંગ સેવા પૂરી પાડવાનો છે. આ યોજના મૂળભૂત બચત બૅન્ક ખાતાની ઉપલબ્ધતા, જરૂર આધારિત ધિરાણ, નાણા મોકલવાની સુવિધા, વીમા અને પૅન્શન જેવી વિવિધ નાણાકીય સેવાઓ સુધી પહોંચ સુનિશ્ચિત કરે છે.

**આ યોજના શહેરી અને ગ્રામીણ બંને ક્ષેત્રને આવરી લે છે. કોઈ પણ બેન્ક શાખા કે બિઝનેસ કરસ્પોન્ડન્ટ—બેન્ક મિત્ર આઉટલેટમાં શૂન્ય બેલેન્સ સાથે ખોલી શકાય છે. દરેક બેન્ક ખાતું બેન્કોની મુખ્ય બેંકિંગ પ્રણાલિ પર આધારિત છે.**

# CHHATISGARH MAOIST

**છત્તીસગઢના વિજાપુર જિલ્લામાં ગઈકાલે 30 માઓવાદીએ આત્મસમર્પણ કર્યું. પોલીસ અધિક્ષક જિતેન્દ્ર યાદવે કહ્યું, આમાંથી 20 માઓવાદી પર 81 લાખ રૂપિયાનું રોકડ ઇનામ જાહેર કરાયું હતું.**

**રાજ્ય સરકારની પુનર્વસન નીતિ હેઠળ તેમને 50–50 હજાર રૂપિયાની પ્રોત્સાહન રકમ અપાઈ છે. આ તમામ માઓવાદી પર વિવિધ ઘટનાઓમાં સામેલ હોવાનો આક્ષેપ છે.**

**(BYTE: JITENDRA YADAV, SP)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# ASHWINI VAISHNAV

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે એક દિવસ ગુજરાતના પ્રવાસે આવશે. તેઓ આજે અમદાવાદમાં સાણંદની ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ- G.I.D.C. બેની મુલાકાત લેશે. દરમિયાન તેઓ પાઇલટ પ્રોડક્શન ફૅક્ટરી સીજી સેમિ પ્રોજેક્ટના ઉદ્ઘાટન “પ્રારંભ”માં ઉપસ્થિત રહેશે.

# SONOWAL AMBASSADORS ROUNDTABLE

કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું, ભારતના દરિયાઈ ક્ષેત્રનું નોંધપાત્ર ગતિશીલતા સાથે વિસ્તરણ થઈ રહ્યું છે. ગઈકાલે નવી દિલ્હીમાં ઇન્ડિયા મૅરિટાઈમ વિક 2025ની પ્રારંભિક પહેલ “ઍમ્બેસેડર્સ રાઉન્ડટૅબલ”ને સંબોધતા શ્રી સોનોવાલે કહ્યું, સરકાર માત્ર દેશના વિકાસ માટે જ નહીં, પણ વૈશ્વિક વિકાસ અને પૂરવઠા શ્રેણી સ્થિતિ-સ્થાપકતા માટે પણ ક્ષમતા નિર્માણ કરી રહી છે.

શ્રી સોનોવાલે કહ્યું, મંત્રાલય બંદર માળખાગત સુવિધાઓને આધુનિક બનાવવા, દરિયાકાંઠાના શિપિંગને પ્રોત્સાહન આપવા અને આંતર-રાષ્ટ્રીય સહકારને વિસ્તૃત કરવા પ્રતિબદ્ધ છે. તેમણે ભાગીદાર દેશના રાજદૂત અને ઉચ્ચાયુક્તો સાથે દરિયાઈ જોડાણ, જહાજ નિર્માણ, લોજિસ્ટિક્સ અને દરિયાઈ ટેકનોલોજીને મજબૂત બનાવવા પર વાતચીત કરી.

# WEIGHTLIFTING AMDAVAD

અમદાવાદમાં રમાઈ રહેલી રાષ્ટ્રમંડળ વેઇટલિફ્ટીંગ સ્પર્ધામાં ગઈકાલે પુરુષોના 71 કિલો વર્ગમાં અજિત નારાયણે સુવર્ણ ચંદ્રક અને નિરુપમા દેવી સોરામે મહિલાઓનાં 63 કિલો વર્ગમાં રજત ચંદ્રક જીત્યો. 26 વર્ષના અજિતે કુલ 317 કિલો વજન ઉંચકીને ટોચનું સ્થાન મેળવ્યું. સાથે જ તેમણે નવો રાષ્ટ્રમંડળ વિક્રમ પણ બનાવ્યો.

જ્યારે નિરુપમા દેવી કુલ 217 કિલો વજન ઉંચકી બીજા સ્થાને રહ્યાં હતાં. 24 વર્ષના નિરુપમાએ ક્લિન ઍન્ડ જર્ક પ્રદર્શને અગાઉના રાષ્ટ્રમંડળ વિક્રમને પણ પાછળ છોડી દીધો.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકે છે. ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકાશે. આ સૂચન આવતીકાલ સુધી સ્વીકારવામાં આવશે.

# BADMINTON WORLD CHAMPIONSHIPS 2025

બેડમિન્ટનમાં ભારતની ટોચની પુરુષ ડબલ્સ જોડી સાત્વિક-સાઈરાજ રંકી-રેડ્ડી અને ચિરાગ શેટ્ટી સાથે જ; ટોચનાં મહિલા ખેલાડી પી.વી. સિંધુ આજે પૅરિસમાં B.W.F. વિશ્વ ચૅમ્પિયનશીપ 2025ના અંતિમ 16માં પહોંચી ગયાં છે.

નવમાં ક્રમાંક ધરાવતા સાત્વિક–ચિરાગની જોડીએ ચીનના તાઈપેના લિયૂ કુઆન્ગ હેન્ગ અને યાન્ગ પો હાનને 43 મિનિટ સુધી ચાલેલી રમતમાં 22–20, 21–13થી હરાવ્યા. હવે નવી સ્પર્ધામાં તેઓ ચીનના છઠ્ઠા ક્રમાંકના લિયાન્ગ વેઈ કૅન્ગ અને વાન્ગ ચાન્ગની જોડી સામે રમશે.

મહિલા સિંગલ્સમાં પીવી સિંધુએ મલેશિયાનાં કરુપાથેવન લેત્શાનાને 21–19, 21–15થી હરાવ્યાં. પહેલી રમતમાં 12–18થી પાછળ રહ્યાં બાદ સિંધુએ સતત છ પૉઈન્ટ મેળવી પરત ફર્યાં અને મૅચ પર પકડ બનાવી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

- આજના તમામ અખાબારોએ વૈષ્વણી દેવીનામાર્ગ ઉપર ભૂસ્ખલનમાં 40થી વધુના મોતના સમાચાર મુખ્ય બનાવ્યાં છે..ટેરિફ મુદ્દે અમેરિકા અને ભારત વચ્ચે વાટાઘાટો માટે અમેરિકા  તૈયાર, ટ્રમ્પના ટેરરને ખાળવા ભારતે ટેક્ષટાઇલ્સની નિકાસ માટે અન્ય દેશો પર નજર દોડાવ  જેવા સમાચાર પણ પહેલા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છએ.
- દિવ્ય ભાસ્કર અને નવગુજરાત સમયે લખ્યું છે કે – જમ્મુ કાશ્મીરમાં વરસાદે વિનાશ વેર્યો 41નાં મોત
- વૈષ્ણોદેવી પાસે આભ ફાટતા ભૂસ્ખલનમાં 41નં મોત આ હેડલાન ગુજરાત સમાચારે બનાવી છે સંદેશે પણ આ જ સમાચારને હેડલાઇનમાં લીધાં છે..
- 40 દેશોમાં કાપડ નિકાસની રણનીતિ આ મુખ્ય સમચાર  કુલછાબના છે
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાએ લખ્યું છે કે ટેરિફ કો ટક્કર દેગી સરકાર- સબસિડી ઓર નયે બજાર પર નજર
- અવર્સ આફટર  ફિફટી પર્સન્ટ ટેરિફ હિટ દિલ્હી, ડીસી સે ચેનલ્સ  ઓપન્સ ફોર ટોક્સ આ આ સમાચારની હેડલાઇન અંગ્રેજી અખબારો  ઇન્ડિયન એક્સપ્રેસ અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ બનાવી છે.
- જ્યારે સ્થાનિક અને રાજ્યના સમાચારોમાં ગણેશ ઉત્સવની અને , સંવત્સરીની ઉજવણી અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનો શાનદાર પ્રદર્શન સહિતના સમાચાર જોવા મળી રહ્યા છે.